

# અંગ્રેજી

## ધોરણ-૪

દ્વિતીય સત્ર

## વાર્ષિક માસવાર આયોજન



વર્ષ – ૨૦૨૪/૨૫


shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education



આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.



SHIKSHAN SAGAR
APPLICATION
2024-25

**નવેમ્બર માસનું આયોજન**

**6. The Sky is Falling**

**અધ્યયન નિષ્પતિ :**

E401 Rhymes, Action Songs, Poems, Prayers યોગ્ય હાવભાવ અને અભિનય સાથે ગાય છે. પરિચિત પરિસ્થિતિને અનુરૂપ સંવાદ સમજે છે અને તેમાં ભાગ લે છે. વિવિધ પાત્રો સંબંધિત સંવાદ કરે છે.

E405 લોનવર્ડ્ઝ સહિત આશરે 400 જેટલાં શબ્દો જાણે છે, વાચનમાં રહેલા તે શબ્દો ઓળખે છે અને લેખનમાં તેનો ઉપયોગ કરે છે.

E407 101 થી 10000 સુધીના અંગ્રેજી અંકોને વાંચે અને લખે છે તેમજ વ્યવહારમાં તેનો ઉપયોગ કરે છે.

E416 ઉલટ પ્રશ્નો (Inversion Questions) તેમજ Wh. Questions (who, what, how many, how much, where, when)ના ચારથી પાંચ શબ્દો / શબ્દસમૂહમાં જવાબ આપે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-'Walk and Run' Rhymeનું ગાન કરવું
-Rhyming વર્ડ્સ શોધવા
-Alphabetical માં પ્રમાણે ગોઠવવા
-The Sky is Falling વાર્તા કહેવી
-ચિત્રો પ્રમાણે વાક્યો ગોઠવવા
-વાક્ય કોણ બોલે છે તે લખો
-ફકરા પરથી ખાલી જગ્યા લખો
-ઓગસ્ટ 2022 ના કેલેન્ડરના આધારે નીચેના વાક્યો સુધારીને લખો.
-સાચો ઓપ્શન શોધીને લખો.
-ચિત્ર ના આધારે વાક્યો બનાવીને લખો.
-My School વિશે વાક્યો શોધીને લખો.
-સાચો ઓપ્શન શોધીને લખો
-ફ્રુટ અને વેજીટેબલના સાચા સ્પેલીંગો લખવા
-શેપ પસંદ કરવા
-રમત રમાડવી
-ડાયલોગ બોલવા
-જાતે કરોની પ્રવુત્તિ

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક
-કેલેન્ડર
-મોબાઈલ / પ્રોજેક્ટર
-ચાર્ટ, ચિત્રો

-ફળ, શાકભાજીના ચિત્રો
-પ્રાણીઓના માસ્ક
-સંદર્ભ પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને -'Walk and Run' Rhymeનું ગાન કરાવીશ. પછી Rhyming વર્ડ્સ શોધવા કહીશ. વિદ્યાર્થીઓને Alphabetical માં પ્રમાણે ગોઠવવા કહીશ. વિદ્યાર્થીઓ ગોઠવશે. The Sky is Falling વાર્તા વિદ્યાર્થીઓને કહીશ. વિદ્યાર્થીઓ તે સમજશે. પા.પુ.મા આપેલ ચિત્રો પ્રમાણે વાક્યો ગોઠવવા કહીશ. વાક્ય કોણ બોલે છે તે લખવા કહીશ. વિદ્યાર્થીઓને ફકરા પરથી ખાલી જગ્યા લખવા કહીશ. ઓગસ્ટ 2022 ના કેલેન્ડરના આધારે નીચેના વાક્યો સુધારીને લખવા કહીશ. વિદ્યાર્થીઓને સાચો ઓપ્શન શોધીને લખવા કહીશ. ત્યારબાદ ચિત્ર ના આધારે વાક્યો બનાવીને લખાવીશ. My School વિશે વાક્યો શોધીને લખાવીશ. વિદ્યાર્થીઓને સાચો ઓપ્શન શોધીને લખાવીશ. ફ્રુટ અને વેજીટેબલના સાચા સ્પેલીંગો લખવા આપીશ. ત્યારબાદ શેપ પસંદ કરવા કહીશ. પા.પુ. માં આપેલ રમત વિદ્યાર્થીઓને રમાડીશ. શેપની રમત રમાડી વિજેતા જાહેર કરવા. ડાયલોગ બોલવા કહીશ. જાતે કરોની પ્રવુત્તિના આધારે ફેવરેટ ફ્રુટ વિશે લખવા કહીશ. વિદ્યાર્થીઓને The Sky is Falling ના આધારે પ્રાણીઓના માસ્કના પહેરાવી પાઠનું નાટક કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

-જાતે કરો ની પ્રવુત્તિ કરવી
-ફળ, શાકભાજીના ચિત્રો
-ઉખાણાંની પ્રવુત્તિ
- The Sky is Falling પાઠનું નાટક

**મૂલ્યાંકન :**

-'Walk and Run' Rhymeનું ગાન તૈયાર કરવું.
-Rhyming વર્ડ્સ લખવા
-Alphabetical માં પ્રમાણે ગોઠવવા
-ચિત્રો પ્રમાણે વાક્યો ગોઠવવા
-વાક્ય કોણ બોલે છે તે લખવું
-ફકરા પરથી ખાલી જગ્યા લખવી
-ઓગસ્ટ 2022 ના કેલેન્ડરના આધારે નીચેના વાક્યો સુધારીને લખવા.
-સાચો ઓપ્શન શોધીને લખવો
-ચિત્ર ના આધારે વાક્યો બનાવીને લખવા.

-My School વિશે વાક્યો શોધીને લખવા.
-સાચો ઓપ્શન શોધીને લખવા.
-ફ્રુટ અને વેજીટેબલના સાચા સ્પેલીંગો લખવા.

## ડીસેમ્બર માસનું આયોજન

**7. Did It Yeasterday, Do it Today**

**અધ્યયન નિષ્પતિ :**

E402 પરિચિત પરિસ્થિતિ મુજબ ટૂંકી અને સરળ સૂચનાઓ સાંભળે છે, તેનો પ્રતિભાવ આપે છે અને અન્યને તેવી સૂચનાઓ આપે છે.

E408 ટૂંકી પરિચિત વાર્તા સાંભળી પૂછેલી વિગતો / પ્રશ્નોના જવાબ આપે છે. મુદ્દા કે ચિત્રની મદદથી વાર્તાનું વર્ણન કરે છે.

E414 વસ્તુના કદ, આકાર, રંગ, સંખ્યા અને વજન વિશે ચારથી પાંચ શબ્દો / શબ્દસમૂહમાં જણાવે છે.

E415 વસ્તુ, વ્યક્તિ, સ્થાન, વ્યવસાયકારો, પશુ-પક્ષી, વૃક્ષ વગેરે વિશેનું વર્ણન વાંચે છે અને તેના વિશે ચારથી પાંચ શબ્દો - શબ્દસમૂહમાં જણાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- Five Little Ducks કાવ્યની સમજૂતી
- હાવભાવ અને અભિનય સાથે Rhyme
- સ્ટોરી The Sadhu and the Scorpion ની સમજ
- સાચા અને ખોટા ની સમજ
- ફકરા નું વાંચન
- ખાલી જગ્યાઓ લખાવી
- Study Time Table કોષ્ટકની સમજ
- ચિત્રના આધારે પ્રશ્નોના જવાબો
- Yesterday અને Today ચિત્રો દ્વારા સમજ
- વિરુદ્ધાર્થી શબ્દ ચિત્રો દ્વારા સમજ
- કોષ્ટકના આધારે સ્પેલિંગ શોધવા
- એક્ટિવિટી માં જમ્પ ઇન એન્ડ જમ્પ આઉટ ની રમત
- વર્તુળમાં ઊભા રાખી ગઈકાલ અને આજના વાક્યો બોલાવી જંપ વાળી રમત રમવી.
- તમારી જાતે જ કરો. (પ્રવુત્તિ)

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક
-Scorpion નું ચિત્ર
-ચોક, વર્તુળ રમત
-મોબાઈલ / પ્રોજેક્ટર

-કાર્ડ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- શિક્ષક વિદ્યાર્થીઓને Five Little Ducks કાવ્યની સમજૂતી આપી અને તેનું ગાન કરાવશે. શિક્ષક હાવભાવ અને અભિનય સાથે Rhyme ગવડાવશે અને વિદ્યાર્થીઓને ગવડાવશે ત્યારબાદ શિક્ષક પાઠમાં આપેલી સ્ટોરી The Sadhu and the Scorpion ની સમજ આપશે વિદ્યાર્થીઓ તે સમજશે. ત્યારબાદ પાઠ્યપુસ્તકમાં આપેલ સાચા અને ખોટા ની સમજ આપી લખાવશે. પછી પાઠમાં આપેલ એક ફકરા નું વાંચન કરી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખાવશે. ત્યારબાદ ફકરાના આધારે પુસ્તકમાં આપેલી ખાલી જગ્યાઓ લખાવશે. શિક્ષક વિદ્યાર્થીઓના Study Time Table કોષ્ટકની સમજ આપી ઉદાહરણ પ્રમાણે વાક્યો બનાવવા કહેશે. ત્યારબાદ ચિત્રના આધારે પ્રશ્નોના જવાબો સમજાવી લખાવશે. Yesterday અને Today ચિત્રો દ્વારા સમજ આપી અલગ અલગ કોષ્ટકમાં વાક્યો લખાવશે. ત્યારબાદ વિરુદ્ધાર્થી શબ્દ ચિત્રો દ્વારા સમજ આપશે અને આડા-અવળી થઈ ગયેલા શબ્દો સુધારી ફરીથી લખાવશે. શિક્ષક વિદ્યાર્થીઓને પાઠમાં આપેલ વિરુદ્ધાર્થી શબ્દ સમજાવી લખાવશે. ત્યારબાદ વિદ્યાર્થીઓને કોષ્ટકના આધારે સ્પેલિંગ શોધી ખાલી જગ્યામાં તેના જવાબો લખાવશે. એક્ટિવિટી માં જમ્પ ઇન એન્ડ જમ્પ આઉટ ની રમત વિદ્યાર્થીઓને રમાડશે. જેમાં શિક્ષક ચોકની મદદથી વર્ગમાં અથવા બહાર એક વર્તુળ બનાવશે. વિદ્યાર્થીઓને વર્તુળમાં ઊભા રાખી ગઈકાલ અને આજના વાક્યો બોલાવી જંપ વાળી રમત રમાડશે. ત્યારબાદ શિક્ષક પાઠમાં આપેલા ડાયલોગ બોલાવી તેની નીચે આપેલી ખાલી જગ્યા ઉપર આવશે. જાતે કરો તેના આધારે અઠવાડિયાની હાજરીની કોષ્ટક દ્વારા સમાચાર નીચેના વાક્યો લખાવશે.

**પ્રવૃતિ / પ્રોજેકટ / પ્રયોગ :**

- વર્તુળની રમત

**મૂલ્યાંકન :**

- કાવ્ય કંઠસ્થ કરવું
- નવા સ્પેલીંગો તૈયાર કરવા
- સાચા ખોટા લખવા
- ફકરા પરથી જવાબો લખવા

- ખાલી જગ્યા પુરવી
- ફકરા નું વાંચન કરવું
- પ્રશ્નોના જવાબ લખવા
- ઉદાહરણ પ્રમાણે વાક્યો બનાવવા
- વિરુદ્ધાર્થી શબ્દ સમજાવી લખાવવા.

## જાન્યુઆરી માસનું આયોજન

## 8. My Moods, My Feeling

**અધ્યયન નિષ્પતિ :**

E403 વિવિધ રમતો ભાષા રમતો અંગેની સૂચનાઓ અંગ્રેજીમાં સાંભળે છે અને તેને અનુસરે છે.

E410 અંગ્રેજી દ્વિભાષી રોલ પ્લે નાટકમાં યોગ્ય હાવભાવ સાથે ભાગ લે છે અને પરિચિત પરિસ્થિતિમાં સંવાદ કરે છે.

E413 વર્ગખંડ શાળાકીય પર્યાવરણમાં ઉપલબ્ધ લખાણ (કવિતા, પોસ્ટર, ચાર્ટ, સુવિચાર, ચિહ્નો, સંકેતો, લોગો અને લેબલ વગેરે) વિશે ચારથી પાંચ શબ્દોમાં જણાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-‘What do you do?’ કાવ્યનું હાવ ભાવ સાથે વાંચન
- અન્ય વ્યવસાયકારો ઉમેરી કાવ્ય આગળ વધારવું
- કાવ્યના આધારે ખાલી જગ્યાઓ પૂરવી
- ભક્ત પ્રહલાદ ની વાર્તા વાંચવી
- પાઠના આધારે પ્રશ્નોના જવાબ
- True અને False ની સમજ
- ફકરા ના આધારે જવાબો લખવા
- ગ્રાફ ના આધારે ખાલી જગ્યા પુરવી
- ચિત્રમાં આપેલ ક્રિયાઓ જાણી પ્રશ્નોના જવાબ લખવા
- પોતાના પડોશી વિશે જાણવું
- Where, What અને Who વિશે સમજ
- ફેસ ઓળખી ખાલી જગ્યા પુરવી
- પાઠમાં આપેલી પ્રવૃત્તિ કરવી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- વ્યવસાયકારોનો ચાર્ટ
- ભક્ત પ્રહલાદનું સંદર્ભ પુસ્તક
- હનુમાનજીનો ચાર્ટ
- ફેસીસનો ચાર્ટ
-મોબાઈલ / પ્રોજેક્ટર

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- શિક્ષક What do you do? કાવ્ય હાવભાવ અને અભિનય સાથે વિદ્યાર્થીઓને ગવડાવશે. આ વ્યવસાય અને ક્રિયાઓમાં વધુ વ્યવસાયકારોની માહિતી ઉમેરી અને આ Rhyme વિદ્યાર્થીઓ આગળ

વધારશે. વ્યવસાયકારોના આધારે પાઠ્યપુસ્તકમાં આપેલી ખાલી જગ્યાઓ વિદ્યાર્થીઓને લખાવીશ. ત્યારબાદ પાઠમાં આપેલ ભક્ત પ્રહલાદ ની વાર્તા વિદ્યાર્થીઓને વાંચન કરી પ્રહલાદની વાર્તા વિદ્યાર્થીઓને સમજ આપીશ. હોળીના તહેવારની પણ સાથે સમજ આપીશ ત્યારબાદ પાઠમાં આવતા પ્રશ્નોના જવાબ વિદ્યાર્થીઓને સમજાવી લખાવીશ. True અને False ની સમજ આપી ટીક કરાવીશ. પાઠમાં આપેલા ફકરાના આધારે આપેલા પ્રશ્નોના જવાબો વિદ્યાર્થીઓને લખાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલ ગ્રાફ ની સમજ આપી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબો સમજ સાથે લખાવીશ. ચિત્રમાં આપેલા બાળકોના નામ અને તેની ક્રિયાઓ ની સમજ આપી અને નીચે આપેલા પ્રશ્નોના જવાબો લખાવીશ. વિદ્યાર્થીઓને પોતાના પડોશમાં રહેતા લોકો વિશે સમજ આપી પાઠ્યપુસ્તકમાં આપેલા પ્રશ્નોના જવાબ લખાવી તેનો ફકરો બનાવડાવીશ. વિદ્યાર્થીઓને Where, What અને Who દ્વારા ખાલી જગ્યાઓ ભરાવીશ. પાઠમાં આપેલા જુદા જુદા Faces ની સમજ આપી ખાલી જગ્યામાં યોગ્ય જવાબ લખાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલી એક્ટિવિટી ના આધારે વિદ્યાર્થીઓના જૂથ પાડી આંખો બંધ કરી કરવાની થતી ક્રિયાઓ ની પ્રવૃત્તિ કરાવી અને પાઠ્યપુસ્તકમાં કોષ્ટકમાં યોગ્ય જવાબો લખાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલા બીજા પ્રેરણાદાયી પાત્રો વિશે માહિતી આપી અને બાળકોને બોલવા માટે પ્રોત્સાહિત કરીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

- વિવિધ ફેસીસની પ્રવુત્તિ
- પાઠમાં આપેલી પ્રવુત્તિ
- વ્યવસાયકારોનો અભિનય

**મૂલ્યાંકન :**

- કાવ્ય કંઠસ્થ કરો.
- ખાલી જગ્યાઓ પૂરો
- પાઠનું વાંચન કરો.
- પાઠના આધારે પ્રશ્નોના જવાબ લખો
- True અને False યોગ્ય રીતે લખો
- ફકરાના આધારે પ્રશ્નોના જવાબ લખો.
- ગ્રાફ ના આધારે ખાલી જગ્યા પૂરો
- ચિત્રને જોઈ યોગ્ય જવાબ લખો

- પોતાના પાડોશી વિશે જાણી તેની માહિતી લખો.
- Where, What અને Who ખાલી જગ્યા પૂરો
- યોગ્ય ફ્રેસ ઓળખી ખાલી જગ્યાઓ પૂરો
- પાઠમાં આપેલી પ્રવૃત્તિ દ્વારા કોષ્ટક ભરો.
- અન્ય પ્રેરણાદાયી પાત્રો વિશે માહિતી ભેગી કરો.

**ફેબ્રુઆરી માસનું આયોજન**

**9. Our World**

**અધ્યયન નિષ્પતિ :**

E406 પ્રાસવાળા શબ્દો વાંચીને ઓળખે છે તેમજ તેની જોડ બનાવે છે અને તેમાં પ્રાસવાળા નવા બીજા શબ્દો ઉમેરે છે. વાચન અને ઉચ્ચાર વચ્ચેનો સંબંધ ઓળખે અને તારવે છે.

E411 પોતાના માતા-પિતા, ભાઈ-બહેન અને મિત્રોનો સામાન્ય પરિચય આપે છે.

E418 in, into, on, over, under વગેરે જેવા શબ્દોનો ઉપયોગ કરી વસ્તુઓનો નિર્દેશ કરે છે તેમજ પ્રશ્નોના જવાબ આપે છે.and, but, or નો ઉપયોગ કરીને શબ્દો કે વાક્યોને જોડે છે.

E419 ભૂતકાળની ક્રિયાઓનું વર્ણન કરે છે. ઉદાહરણ : Yesterday was Sunday.

E420 પોતાના પરિચયક્ષેત્રના શબ્દો શબ્દકોશમાંથી શોધે છે. શબ્દકોશનો ઉપયોગ કરી શબ્દ વિશેની માહિતી મેળવે છે. જેમ કે, શબ્દનો સમાનાર્થી, વિરુદ્ધાર્થી અર્થ.

**શૈક્ષણિક મુદ્દા :**

-'Up and Down' કાવ્ય નુ ગાન
- રાયમિંગ શબ્દો લખવા
- વિરુદ્ધાર્થી શબ્દો લખવા
- ગણેશજી અને કાર્તિકે ની વાર્તા ની સમજ
- ગણેશજીની વાર્તા ના દ્વારે ખાલી જગ્યાઓ પુરવી
- નર્મદા નદી વિશે સમજ દ્વારા કોષ્ટક ભરાવું
- સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશે માહિતી
- શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના આધારે Yes અને No કરવા
- ચિત્રના આધારે વાક્યો લખવા
- ક્રિકેટના ફકરા ના આધારે આપેલી ખાલી જગ્યાઓ પુરવી

- ચિત્રના આધારે વાક્યો લખવા
- પાઠ્યપુસ્તકમાં આપેલ રમત અને તેના સાધનોના નામ લખવા
- અભિનયની પ્રવૃત્તિ કરવી
- જાતે કરો ની પ્રવૃત્તિ કરવી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- મોબાઈલ / પ્રોજેક્ટર
- ગણેશજી અને કાર્તિકેયની વાર્તા ચાર્ટ
- નર્મદા નદી અને સ્ટેચ્યુ ઓફ યુનિટી માહિતી ચાર્ટ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને Up and Down કાવ્યની વિદ્યાર્થીઓને ગવડાવી હાવભાવ સાથે અને અભિનય સાથે ગવડાવી અને વિદ્યાર્થીઓ પાસે ગવડાવશે. કાવ્યના આધારે Rhyming words શોધીને લખવા લખાવીશ. ત્યારબાદ વિદ્યાર્થીઓને કાવ્યમાં આપેલા વિરુધાર્થી શબ્દો બતાવી લખાવીશ. ત્યારબાદ પાઠમાં આપેલ ગણેશજી અને કાર્તિકેય ની વાર્તા સમજાવીશ. વિદ્યાર્થીઓ તેને સમજશે અને પછી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબો લખશે. પાઠમાં આપેલ નર્મદા નદીના ચિત્ર ની માહિતી આપીશ. કોષ્ટકમાં યોગ્ય માહિતી વિદ્યાર્થીઓને ભરાવીશ. વિદ્યાર્થીઓને સ્ટેચ્યુ ઓફ યુનિટી ની માહિતી આપી તેના વિશે પાઠ્યપુસ્તકમાં લખાવીશ. શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમના આધારે Yes અને No પર વર્તુળ કરાવીશ. ત્યારબાદ એક ચિત્ર દ્વારા આપેલ શબ્દોને સમજાવી અને પાઠ્યપુસ્તકમાં તેના લગતા વાક્યો લખાવીશ. ફકરામાં આપેલી ખાલી જગ્યામાં યોગ્ય જવાબો લખાવી તે ફકરો ફરીથી લખાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલા શબ્દોના આધારે વાક્યો આખા વાક્યમાં લખાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલા બોક્સના આધારે કઈ રમતમાં કયા કયા સાધનોનો ઉપયોગ થાય છે તે લખાવીશ. વિદ્યાર્થીઓને Catch and throw ની ક્રિયાના અભિનય દ્વારા ક્રિકેટ રમત ની સમજ આપીશ. અભિનય સાથે મહાવરો કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

- Up and Down કાવ્ય અભિનય
- Catch and throw ની ક્રિયા અભિનય

**મૂલ્યાંકન :**

- કાવ્ય કંઠસ્થ કરવું
- રાયમિંગ શબ્દો લખી લાવવા
- વિરુદ્ધાર્થી શબ્દ લખી લાવવા
- ગણેશજીની વાર્તા નું વાંચન
- વાર્તાના આધારે પ્રશ્નોના જવાબ લખવા
- નર્મદા નદી વિશે કોષ્ટકમાં માહિતી મેળવી ભરવી
- સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશે માહિતી લખવી
- શાળા પ્રવેશોત્સવ દ્વારા
- Yes અને No કરવું
- ચિત્રના આધારે વાક્યો બનાવવા
- વિવિધ રમતો અને તેના સાધનોના નામ લખી લાવવા
- ઇન્ટરવ્યૂના આધારે ફકરો પૂર્ણ કરી લાવવો
- જાતે કરોની પ્રવૃત્તિ કરવી

## માર્ચ માસનું આયોજન

## 10. Safety First

**અધ્યયન નિષ્પતિ :**

E409 આપેલ લખાણ સમજપૂર્વક વાંચે છે અને લખાણની વિગતો સમજે છે. વાર્તા અને પરિચ્છેદનું વાચન કરી અર્થગ્રહણ કરે છે. વાર્તા, કાવ્ય અને પરિચ્છેદ સાંભળીને અને વાંચીને સમજે છે તેમજ પુછાયેલા પ્રશ્નોના જવાબ આપે છે અને મુદ્દા કે ચિત્રોની મદદથી વાર્તા કહે છે.

E404 વર્ગખંડમાં ઉપલબ્ધ લેખિત સામગ્રી / વસ્તુઓ તેમજ ઘર અને આસપાસના પર્યાવરણમાં રહેલી વિવિધ વસ્તુઓનું વર્ણન સાંભળે છે, સમજે છે, વાંચે છે અને ટૂંકમાં તેનું વર્ણન કરે છે.

E412 વિરામચિહ્નનો ઉપયોગ કરી સાદા અંગ્રેજી વાક્યોનું અનુલેખન કરે છે.

E417 I - me – my, we – is – our, you you – your, he-him-his, she – her – her, it - it its, they – them – their જેવા સર્વનામોનો સાદા વાક્યોમાં ઉપયોગ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- 'We Cross the Road' કાવ્ય કંઠસ્થ કરવું
- ખાલી જગ્યાઓ પુરવી
- Blue Umbrella વિશે વાર્તા નું વાંચન કરવું
- વાર્તા દ્વારા ખાલી જગ્યા પુરવી
- ફકરાના આધારે ખાલી જગ્યા પુરવી
- દુકાનની એડવર્ટાઇઝ દ્વારા ખાલી જગ્યાઓ પુરવી

- ROAD SAFETY વિશે માહિતી
- ROAD SAFETY ચિત્ર દ્વારા ખાલી જગ્યાઓ પુરવી
- પાઠમાં આપેલા અધૂર વાક્ય યોગ્ય જવાબ મૂકી પૂર્ણ કરવું
- કોષ્ટકમાં આપેલા ફળો વિશે માહિતી જાણી વાક્યો પૂરા કરવા
- 'and', 'but' or 'or' નો ઉપયોગ કરી ખાલી જગ્યા પુરવી
- ચિત્ર જોઈ યોગ્ય જવાબો લખવા
- પાઠમાં આપેલી રમત રમવી
- સુપર માર્કેટ માં જોવા મળતી અન્ય વસ્તુઓના નામ લખવા
- માર્કેટની મુલાકાત લઈ પાંચ થી સાત વાક્ય લખવા

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્યપુસ્તક
- ROAD SAFETY ચિત્ર ચાર્ટ
- માર્કેટમાં મળતી વસ્તુઓ
- મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- 'We Cross the Road' નું કાવ્યનું હાવભાવ અને અભિનય સાથે વિદ્યાર્થીઓને ગાન કરાવીશ. ત્યારબાદ વિદ્યાર્થીઓ તેનું ગાન કરશે. કાવ્યના આધારે યોગ્ય ખાલી જગ્યાઓ પુરાવીશ. Blue Umbrella ની વાર્તા બાળકોને વંચાવી અને તેની સમજ આપી વાર્તાના આધારે પાઠ્યપુસ્તકમાં આપેલ ખાલી જગ્યા લખાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલ ફકરાના આધારે તેની નીચે આપેલી ખાલી જગ્યાઓ લખાવીશ. પુસ્તકમાં આપેલ CHANDAN SHOP ની એડવર્ટાઇઝના આધારે વિદ્યાર્થીઓને ખાલી જગ્યા પુરાવીશ. ROAD SAFETY ચિત્રના આધારે સાચા ચિત્ર સામે ખરાની નિશાની કરાવીશ. ROAD SAFETY ના અન્ય ચિત્ર દ્વારા પાઠમાં આપેલ એક ફકરામાં યોગ્ય જવાબો લખાવી તે ફકરો ફરીથી પાઠ્યપુસ્તકમાં વિદ્યાર્થીઓને લખાવીશ. LANGUAGE FUNCTION ઓપ્શનમાં વિદ્યાર્થીઓને આપેલા અધૂરા વાક્યો પૂર્ણ કરાવીશ. ફળોના કોષ્ટક દ્વારા પાઠ્યપુસ્તકમાં આપેલા ઉદાહરણ પ્રમાણે બંધ બેસતા વાક્યો લખાવીશ. 'and', 'but' or 'or' નો ઉપયોગ કરી ખાલી જગ્યાઓ પુરાવીશ. પાઠમાં આપેલ ચિત્રોના આધારે ખાલી જગ્યાઓ પુરાવીશ. ACTIVITY ના આધારે વિદ્યાર્થીઓને સર્કલમાં ઊભા

રાખી અને આપેલી રમત વિદ્યાર્થીઓને રમાડીશ. પાઠમાં આપેલ સુપર માર્કેટ અને તેમાં મળતી વસ્તુઓ વિશે માહિતી આપીશ. પાઠ્યપુસ્તકમાં લખાવી ત્યારબાદ સુપર માર્કેટની ફકરો વિદ્યાર્થીઓને લખાવીશ અને બાળકો જાતે કરો પ્રવૃત્તિ ની અંદર પાંચ થી સાત વાક્યો લખાવીશ. માર્કેટ વિશે તેની મુલાકાત લઇ અને લખાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

- માર્કેટની મુલાકાત
- ROAD SAFETY
- દુકાનની મુલાકાત
- પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રવુત્તિ

**મૂલ્યાંકન :**

- 'We Cross the Road' કાવ્ય કંઠસ્થ કરવું
- ખાલી જગ્યાનું લેખન
- Blue Umbrella વાર્તાનું વાંચન
- વાર્તા ના આધારે ખાલી જગ્યા લખવી
- ફકરાના આધારે ખાલી જગ્યા પુરવી
- CHANDAN SHOP ની એડવર્ટાઇઝના સમજ આધારે ખાલી જગ્યા પૂરવી.
- ROAD SAFETY અંગેની સમજ
- ROAD SAFETY ના આધારે ખાલી જગ્યા પુરી લાવવી
- અધૂરા વાક્યો પૂરા કરી લાવવા.
- ફળોના કોષ્ટક ના આધારે વાક્ય પૂરા કરવા
- 'and', 'but' or 'or' નો ઉપયોગ કઈ રીતે ચિત્રના આધારે યોગ્ય જવાબ લખવા
- પાઠમાં આપેલી પ્રવૃત્તિના આધારે રમત રમવી
- સુપર માર્કેટમાં આવેલી અન્ય વસ્તુઓના નામ લખવા
- માર્કેટની મુલાકાત લઇ વાક્યો લખી લવવા.